# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
# ડૉ.બાબાસાહેબ આંબેડકર ચેર-સેન્ટર
# (ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત)
### સમાજકાર્ય વિભાગ, યુનિવર્સિટી, કેમ્પસ, પાટણ - ૩૮૪૨૬૫



## ડૉ.બાબાસાહેબ આંબેડકર સ્પેશીયલ ફેલોશિપ એમ.ફિલ અને પીએચ.ડી : ૨૦૧૯-૨૦

ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત ડૉ.બાબાસાહેબ આંબેડકર ચેર-સેન્ટર માર્ગદર્શિકા મુજબ ચેર-સેન્ટરની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં એમ.ફિલ અને પીએચ.ડી માં સંશોધન માટે નોધાયેલા ભારતીય સંવિધાન નિર્માતા રાષ્ટ્રપુરુષ ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવન, કાર્યો અને તત્વજ્ઞાન ઉપર સંશોધન કરનારને ચેર-સેન્ટર દ્વારા નીચેના નિયમો અને શરતો અનુસાર સ્પેશીયલ ફેલોશિપ આપવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| ૧. | યોજનાનુ નામ | : | ડૉ.બાબાસાહેબ આંબેડકર સ્પેશીયલ ફેલોશિપ એમ.ફિલ-૨૦૧૯ |
| | ફેલોશિપની રકમ | : | રૂપિયા ૧૦,૦૦૦/- (એક વાર) |
| | ફેલોશિપ સંખ્યા | : | ૦૩ (ત્રણ) |
| | લાયકાત | : | અનુસ્નાતકમાં પ્રથમ વર્ગ |
| ૨. | યોજનાનુ નામ | : | ડૉ.બાબાસાહેબ આંબેડકર સ્પેશીયલ ફેલોશિપ પીએચ.ડી-૨૦૧૯ |
| | ફેલોશિપની રકમ | : | રૂપિયા ૨૦,૦૦૦/- (એક વાર) |
| | ફેલોશિપ સંખ્યા | : | ૦૨ (બે) |
| | લાયકાત | : | અનુસ્નાતકમાં પ્રથમ વર્ગ અથવા એમ.ફિલ |

## અરજી કરવાની પદ્ધતિ:

ડૉ.બાબાસાહેબ આંબેડકર સ્પેશીયલ ફેલોશિપ એમ.ફિલ / પીએચ.ડી : ૨૦૧૯-૨૦ નું અરજી પત્રક હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણની વેબસાઈટ **www.ngu.ac.in / Ambedkar Chair-Centre** પરથી મેળવી તારીખ:-૨૩/૧૦/૨૦૧૯ સુધીમાં અરજીપત્રકમાં દર્શાવેલ તમામ વિગતો સંપૂર્ણ ભરી નીચેના સરનામે રૂબરૂ અથવા ટપાલ / કુરિયર મારફતે નીચેના સરનામે મોકલી આપવાની રહેશે.

**સરનામું:-** ડૉ.બાબાસાહેબ આંબેડકર ચેર-સેન્ટર, સમાજકાર્ય વિભાગ, યુનિવર્સિટી, કેમ્પસ, પાટણ - ૩૮૪૨૬૫

## સંશોધન માટેનું ક્ષેત્ર:

- ડૉ.બાબાસાહેબ આંબેડકરના સ્પેશીયલ ફેલોશિપ-૨૦૧૯ માટે ચેર-સેન્ટર માર્ગદર્શિકામાં દર્શાવતા ઉદ્દેશ્યોને ધ્યાને લઈ ડૉ.બાબાસાહેબ આંબેડકરજીના જીવન, કાર્યો અને તત્વજ્ઞાનને અનુરૂપ સંશોધન દરખાસ્ત રજૂ કરવાની રહેશે.
- એમ.ફિલ અને પીએચ.ડી ના વિદ્યાર્થીઓના પોતાના સંશોધનનો વિષય ડૉ.બાબાસાહેબ આંબેડકરજીના જીવન, કાર્યો અને તત્વજ્ઞાનને અનુરૂપ લઘુશોધ નિબંધ અથવા મહાશોધ નિબંધના શીર્ષક પસંદ કરવાના રહેશે. એમ.ફિલ અને પીએચ.ડી માટે નોંધાયેલા શીર્ષક હોય તેવા શોધ છાત્રો જે આ સ્પેશીયલ ફેલોશિપ માટે

અરજી કરી શકશે. આવેલ દરખાસ્તમાંથી ચેર દ્વારા નિયુક્ત વિષય નિષ્ણાંત દ્વારા રૂબરૂ મુલાકાત એમ.ફિલ ૩ (ત્રણ) અને પીએચ.ડી ૨ (બે) સ્પેશીયલ ફેલોશિપ માટે પસંદગી કરવામાં આવશે.

- ડૉ.બાબાસાહેબ આંબેડકર સંશોધન માટે સ્પેશીયલ ફેલોશિપ-૨૦૧૯ અનુસ્નાતકમાં પ્રથમ વર્ષ એમ.ફિલ વિદ્યાર્થીઓના સ્પેશીયલ ફેલોશિપ-૨૦૧૯ માટેના સંશોધન બિંદુઓ.

૧. ડૉ.બાબાસાહેબ આંબેડકરના કર્યો કવનમાંથી નિષ્કર્ષ થતું તેમનું તત્વજ્ઞાન અને તેમના વિચારોનું કર્યાન્વયન.
૨. ડૉ.બાબાસાહેબ આંબેડકર અને અન્ય સામાજિક વિચારકો.
૩. ડૉ.બાબાસાહેબ આંબેડકરના બહુઆયમી વ્યક્તિત્વને પ્રકટ સંશોધનો
૪. રાષ્ટ્રપુરુષ ડૉ.બાબાસાહેબ આંબેડકરજી.
૫. ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવન પ્રસંગોમાંથી નિષ્કર્ષ થતું દર્શન.
૬. ડૉ.બાબાસાહેબ આંબેડકરજીનું આર્થિક દર્શન.
૭. ડૉ.બાબાસાહેબ આંબેડકરજીનું સામાજિક ચિંતન.
૮. રાષ્ટ્રનીતિ, રાજનીતિ અને વિદેશનીતિ ચાણક્યથી ડૉ.બાબાસાહેબ આંબેડકરજી સુધી.
૯. સમાનતા, સામાજિક ઐક્ય અને સમરસતામાં રાષ્ટ્રપુરુષોનું યોગદાન.
૧૦. સમાજના નબળા વર્ગના સામાજિક, આર્થિક, અને સાંસ્કૃતિક જીવન ઉપરના સંશોધન.
૧૧. ડૉ.બાબાસાહેબ આંબેડકર અને ભારતીય બંધારણ.

## * સંશોધનનો સમયગાળો *

ડૉ.બાબાસાહેબ આંબેડકરજીના સ્પેશીયલ ફેલોશિપ તેમનો સંશોધન એમ.ફિલ માટે ૨ વર્ષ અને પી.એચડી માટે ૩ વર્ષ વધુમાં વધુ સમય રહેશે.

ડૉ.બાબાસાહેબ આંબેડકર સ્પેશીયલ ફેલોશિપ એમ.ફિલ-૨૦૧૯ જે સંશોધકોની સ્પેશીયલ ફેલોશિપ માટે પસંદગી થયે તેવા સંશોધકોએ યુનિવર્સિટી દ્વારા નિયત થયેલા સમયે પોતાનું સંશોધન કરવાનું રહેશે.

## સામાન્ય નિયમો

૧. ડૉ.બાબાસાહેબ આંબેડકર સંશોધનના એમ.ફીલ અને પી.એચડી:૨૦૧૯-૨૦ ના વિદ્યાર્થીઓ અરજી કરી શકશે.
૨. યોજના મુજબ નિયત મર્યાદામાં સંશોધન પૂર્ણ કરી સોફ્ટ કોપીમાં અને હાર્ડકોપીમાં બે નકલ ચેર-સેન્ટરમાં જમા કરવવાની રહેશે આ સંશોધનના કોપી-રાઈટના હક્ક ચેર-સેન્ટરના રહેશે.
૩. ડૉ.બાબાસાહેબ આંબેડકર સ્પેશીયલ ફેલોશિપ એમ.ફિલ અને પી.એચડી : ૨૦૧૯ એવા નામની આપવામાં આવશે સ્પેશીયલ ફેલોશિપ એક વિશેષ પ્રકારના સંશોધન માટેનો હોય તેથી સ્કોલરશીપની સાથે લઈ શકશે. આ સ્પેશીયલ ફેલોશિપ પૂર્ણ સમય એમ.ફિલ અને પીએચ.ડીના ભાગરૂપે તૈયાર કરવાનો રહેશે.
૪. લઘુશોધ નિબંધ અને મહાશોધ નિબંધના (શીર્ષક) ડૉ.બાબાસાહેબ આંબેડકરજીના જીવન, કાર્યો અને તત્વજ્ઞાનને સબંધિત હોવા જરૂરી છે.
૫. આ સંશોધન સ્પેશીયલ ફેલોશિપ દ્વારા સંશોધન દરમિયાન સંશોધકે સાહિત્ય ચોરી અંગેના જે નિયમો અને પદ્ધતિ હોય તેનું પાલન કરવાનું રહેશે.
૬. ડૉ.બાબાસાહેબ આંબેડકર સ્પેશીયલ ફેલોશિપ એમ.ફિલ અને પી.એચડી : ૨૦૧૯-૨૦ અનુસ્નાતક પ્રથમ માટે શોધ છાત્રો અને અરજી કરી શકશે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સંશોધકોને પ્રાધાન્ય આપવામાં આવશે.
૭. ગુજરાત સરકારશ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ અને ચેર-સેન્ટરના વખતો-વખતના નિયમો અને શરતો બંધનકર્તા રહેશે આ ઉપરાંત આ નિયમો અને શરતોમાં જરૂરી બાબતે કુલપતિશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.